

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લા પંચાયત ભવનમાં જિલ્લા પ્રમુખ રાજેન્દ્ર જોષીના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય બેઠકમાં વિપક્ષોના ભારે દેકારા વચ્ચે વિકાસ કાર્યોને બહાલી આપવામાં આવી હતી. આ સભામાં જિલ્લાના તમામ તાલુકા મથકોએ 'એનિમલ હોસ્ટેલ' માટે અંદાજે રૂ. ૩૦ લાખની ફાળવણી કેન્દ્ર સરકારની ગ્રાંટમાંથી કરવાની દરખાસ્તને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. આ ઉપરાંત અમીરગઢ તાલુકામાં જેથી ગૃપ ગ્રામ પંચાયતનું વિભાજન કરી જેથી, બાંટાવાડા અને ગોદડપુરાની અલગ ગ્રામ પંચાયત બનાવી તેવી રીતે ભીલાચલ ગૃપ ગ્રામ પંચાયતમાંથી ભીલાચલ અને ડેરી એમ બે ગ્રામ પંચાયતો અલગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ બેઠકમાં મનરેગા લેબર બજેટ રૂ. ૫૪ કરોડના કાર્યો મંજૂર કરવા વિપક્ષ દ્વારા ઉગ્ર રજૂઆત કરાતા તેને પણ બહાલી અપાઈ હતી.

# અરવલ્લી જિલ્લામાં યુરિયા ખાતરની અછતથી ખેડૂતો પરેશાન

બાયડ, તા. ૨૪

સાબારકાંઠા-અરવલ્લી જિલ્લાના ૨૩ તાલુકાઓમાં યુરિયાની અછતથી ખેડુતોમાં દિવસે દિવસે આક્રોશ વધી રહ્યો છે.

કાતિલ ઠંડીમાં ખેડૂતો યુરિયા ખાતર લેવા માટે સવારથી તાલુકા મથકોએ મોટી મોટી કતારમાં ઉભા રહી જાય છે. અને કલાકો સુધી ઉભા રહેવા છતાં પણ યુરિયા ખાતર મળશે કે કેમ તેની કોઈ ગેરંટી નથી. શિયાળુ ખેતી માટે યુરિયા ખાતરની જરુરીયાત ઉભી થઈ છે પણ ખેડૂતોની વ્યથા સાંભળનારું કોઈ નથી તેવી સ્થિતિ ઉભરી આવી છે. ઉત્તર ગુજરાતના ખેડૂતોને યુરિયા ખાતર બાબતે દર વર્ષે અન્યાય થતો હોય છે. જેના કારણે ખેડૂતો શિયાળુ ખેતીમાં સતત મહેનત કરતા હોવા છતાં પરિશ્રમ પ્રમાણે ખેડૂતોને ફળ મળતું નથી. આ સ્થિતિ બાયડ તાલુકામાં પણ જોવા મળી છે.

# પ્રાંતિજ તાલુકામાંથી વધુ એક અનિયમિત શિક્ષક ઝડપાયો

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની હાજરી, સફાઈ અને શિક્ષણ સંબંધી તપાસ અંતર્ગત સરપ્રાઈઝ ચેકીંગ ચાલુ છે. હજુ બે દિવસ પહેલા તાજપુર ખાતેની વીઝીટમાં ત્રણ શિક્ષકોને નોટીસ ફટકારવામાં આવી હતી. તો આજે વધુ એક તખતગઢની શાળાનો કિસ્સો બહાર આવ્યો છે.

જેમાં એક અનિયમિત શિક્ષક ઝડપાયો છે. અનેક શાળાઓમાં આ પ્રકારના સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યા હોવાથી ગુટલીબાજ શિક્ષકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. હજુ પણ કેટલીક શાળાઓમાં શિક્ષકોની અનિયમિતતા, સફાઈ કાર્યમાં બેદરકારી વગેરે પ્રશ્નો હોવાથી બધી શાળાઓમાં સમયાંતરે આવી સરપ્રાઈઝ વીઝીટ હાથ ધરાય તો ઘણા કિસ્સા પ્રકાશમાં આવે તેમ છે.



આ વર્ષે ચોમાસા દરમ્યાન સારો વરસાદ થવાથી પાટણ-બનાસકાંઠાના લાખો ખેડૂતો માટે જીવાદોરી સમાન દાંતિવાડા બંધમાં પાણી આવતા દાંતિવાડા સિંચાઈ વિભાગ દ્વારા શિયાળુ વાવેતર માટે પાણી છોડવામાં આવ્યું છે. પરંતુ કેનાલોની સફાઈ માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવાતી હોય છે પરંતુ અંતરીયાળ વિસ્તારોમાં નહેરોની સફાઈમાં તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવે છે. જેમાં ડીસા તાલુકાના આસેડાથી સરસ્વતી તાલુકાના ખારેડા ગામે આવતી પેટા નહેરમાં ખારેડા પાસે વર્ષોથી સફાઈ કરવામાં આવી નથી જેના કારણે તેમાં મોટા પાયે ઝાડી ઝાંખરા ઉગી નિકળતા નહેરનું અસ્તિત્વ જ ભુસાઈ ગયું છે. આવી નહેરમાં પણ પાણી છોડી દેવામાં આવે છે જેના કારણે છેવાડાના ખેડૂતોને પાણી લઈ જવામાં ખુબજ મહેનત કરવી પડે છે. માટે પાણીનો બગાડ થતો અટકે અને છેવાડાના ખેડૂતો સુધી સરળતાથી પાણી પહોંચી શકે તે માટે નહેરોની સફાઈ કરવી જોઈએ તેવી ખેડૂતોની માંગ છે. (તસવીર : પ્રેમસિંહ ઠાકોર, ખોરડા)

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



## પ્રાંતિજમાં રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ અંતર્ગત જન જાગૃતિ રેલી યોજાઈ

રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે પ્રાંતિજ ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગ્રાહક અધિકાર દિવસ નિમિત્તે પ્રાંતિજની શાળાના બાળકો, નાગરિકો, મામલતદાર ઓફિસના કર્મચારીઓ ગ્રાહક અધિકાર જાગ્રતિ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં ગ્રાહકોને જાગ્રત કરવા માટે વિવિધ બેનરો સાથે રેલી યોજવામાં આવી હતી. જનજાગૃતિ રેલી પ્રાંતિજના મામલતદાર કચેરીથી પ્રાંતિજના અલગ અલગ વિસ્તારમાં ફેરવવામાં આવી હતી. અને રેલીનું સમાપન ભાંખરિયા વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. રેલીમાં નટુભાઈ પટેલે ઉપસ્થિત રહી જાગૃતિના સંદેશા ફેલાવ્યા હતા.

# ડીસા બાર એસોસીએશન પ્રમુખ ઉપપ્રમુખની બિન હરીફ વરણી

ડીસા, તા. ૨૪

ડીસા બાર એસોસિએશનનાં હોદ્દેદારોની આજ રોજ ચુંટણી યોજાઈ હતી. જેમાં ગત વર્ષના હોદ્દેદારોની બિન હરીફ પુનઃ વરણી કરાઈ હતી. આ વરણીને આવકારી બાર એસોસિએશનનાં ૨૦૦થી વધુ વકીલોએ નવીન હોદ્દેદારોને આવકારી શુભેચ્છા પાઠવી હતી.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા બાર એસોસીએશનનાં હોદ્દેદારોની મુદત ડિસેમ્બરમાં પૂરી થતા વર્ષ ૨૦૧૪ના નવીન હોદ્દેદારોની આજ રોજ ડીસા બાર એસોસિએશન રૂમ ખાતે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ગત વર્ષની બોડી પ્રમાણિકતાએ અનેક પડતર પ્રશ્નો અને કામોનું યોગ્ય રીતે નિરાકરણ કરતા ઈલેકશન નહીં પણ સિલેકશનની વાત સર્વ સંમતિએ નક્કી થઈ હતી. જેમાં પ્રમુખ પદે ઈન્દ્રસિંહ હેમસિંહ વાઘેલા જયારે ઉપપ્રમુખ તરીકે પ્રવિણચંદ્ર ડી. વ્યાસ અને મંત્રી તરીકે જીતેન્દ્ર ડી. ત્રવેદીની પુનઃ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ નવનિયુકત હોદ્દેદારોને ડીસા તેમજ ગુજરાતનાં તમામ બાર એસોસીએશને શુભેચ્છા આપી હતી.

(તસવીર : હેમુભા વાઘેલા, શિહોરી)



કાંકરેજ તાલુકાના તાણા મુકામે ભારતીય જનતા પાર્ટીની ટીફિન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા પ્રભારી મેરૂજી ધુંખના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં કાંકરેજ તાલુકાના ભાજપ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ, એપીએમસી ચેરમેન અણદાભાઈ પટેલ ઉપરાંત અનેક આગેવાનોએ હાજરી આપી હતી. આ બેઠકમાં સંગઠનને મજબૂત બનાવી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જીતાડવા તન-મન-ધનથી મહેનત કરવા ચર્ચા વિચારણા કરાઈ હતી.

# ડીસામાં રાજ્ય કક્ષાનો ગ્રાહક સુરક્ષા દિવસ ઉજવાયો

ડીસા, તા. ૨૪

દેશભરમાં તા.૨૪મી ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવે છે તેને અનુલક્ષીને આજરોજ ડીસામાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા



દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે આજરોજ ડીસામાં અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનાં મંત્રી છત્રસિહ મોરીની અધ્યક્ષતાએ ડીસામાં રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી કરાઈ હતી.

ગ્રાહક સુરક્ષા દિન નિમિત્તે ડીસા વંદના પાર્ટી પ્લોટ માં જિલ્લા કક્ષાના ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી જેમાં અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનાં મંત્રી છત્રસિહ મોરી, મંત્રી લીલાધરભાઈ વાઘેલા, રાજય ગ્રાહક તકરાર નિવારણ કમીશન અમદાવાદનાં -મુખશ્રી જસ્ટીસ આર. પી. ધોળકિયા બનાસકાંઠા સંસદ સભ્ય હરીભાઈ ચોધરી, જિલા કલેકટર જે.જી. હિન્ગરાજીયા કાનૂની માપ વિજ્ઞાન નિયામક મેહુલ કે. દવે તેમજ કિશોર કે. દવે -મુખ જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વક્તાઓ દ્વારા લોકોને ગ્રાહક તરીકે તેમના હક્કોની સમજ આપવામાં આવી હતી.

આજરોજ આ કાર્યક્રમની ઉજવણી -સંગે ડીસામાં બાઈકરેલી યોજાઈ હતી. તો વળી, -દર્શન સ્ટોલો પણ લગાવ્યા હતા. જેમાં ફોટો, બેનર, સ્લાઈડ, વિગેરે -ચાર --સાર માધ્યમ થી આવેલ લોકો ને ચીજવસ્તુઓ ખરીદતી વખતે લેવાની કાળજી તેમજ દવાઓ અને કોસ્મેટિક આઈટમોમાં એકસપાયર ડેટ અવશ્ય જોવી, તેમજ ડુપ્લિકેટ વસ્તુઓ ઓરિજિનલના ભાવે ન ખરીદો અને દરેક વસ્તુનું બિલ લેવાનો આગ્રહ રાખો, લોભામણી જાહેરાતોથી ભરમાવવું નહી અને વસ્તુ જોઈને ખરીદો, તોલમાપનુ અવશ્ય ધ્યાન રાખો વગેરેની સમજ અપાઈ હતી.ઉપરાંત દુકાનેથી અનાજ કરિયાણું ખરીદતી વખતે તોલવાનું ત્રાજવું અને વજનિયા કેવા છે ,ઘસાયેલા તો નથી તેનું ધ્યાન રાખવા,દૂધ જેવી વસ્તુ ખરીદતી વખતે તેના માપિયા અધિકારી દ્વારા ચકાસેલા છેકે નહી તેનું ધ્યાન રાખવા વગેરે બાબતે આ સેમીનાર માં હાજર લોકોને યોગ્ય સમજ આપવામાં આવી હતી.

# શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૧૩૨ વડીલોનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર સભ્યોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

તાજેતરમાં શહેર પેન્શનર્સ સમાજના સભ્યોએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા વયસ્કોનું સન્માન કરવાનો કાર્યક્રમ રવિવારના રોજ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જેમણે ચાલુ વર્ષ દરમિયાન ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તેવા ૧૩૨ વયસ્કોનું સન્માન પેન્શનર્સ સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાનો પરિચય આપતા જયંતિભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે સંસ્થાની સ્થાપના ૩૫૦ સભ્યોથી કરવામાં આવી હતી. આજે સંસ્થા વટવૃક્ષ બની ગઈ છે અને સંસ્થામાં ૪૫૦૦ સભ્યો છે. જે એક આનંદ અને ગૌરવની વાત છે.

કાર્યક્રમમાં શહેરની સંસ્થાના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા રહતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ પધારેલ મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પેન્શનર્સ સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# પાલનપુરમાં ગ્રાહક સુરક્ષા અંગે જ્ઞાન શિબિર પ્રદર્શન યોજાયું

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠાના જિલ્લા મથક પાલનપુર ખાતે ગ્રાહક સુરક્ષા દિવસ અંતર્ગત જ્ઞાન શિબિર અને ચિત્ર પ્રદર્શનનો ડીસા ખાતે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પાલનપુર ખાતે આવેલી સી.બી. ગાંધી નૂતન હાઈસ્કુલ ખાતે ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે ધારાસભ્ય મહેશભાઈના અધ્યક્ષ સ્થાને જ્ઞાન શિબિર યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રાહક એ રાજા છે અને દેરક ગ્રાહકે બિલ લેવું જોઈએ તેવા અનેક મુદ્દાઓની સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત વકતાઓએ જણાવ્યું હતું કે જો કોઈ વેપારી બિલ આપવામાં આનાકાની કરે તો તેની ફરિયાદ ગ્રાહક સુરક્ષામાં કરવી જોઈએ. આ પ્રસંગે પ્રમુખ હસમુખ પઢીયાર, કે.બી. ચૌધરી, વિરચંદભાઈ પંચાલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.



ગુજરાત સરકાર દ્વારા જન જનના પ્રશ્નોનો ઝડપથી નિકાલ થાય તે હેતુથી પ્રાંતિજ મામલતદાર ઓફિસ ખાતે સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ તાલુકા વિકાસ અધિકારી ડી.એ. મકવાણાએ વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ કર્મચારીઓની હાજરીમાં યોજાયો હતો. તાલુકાની જનતાના લગભગ ૨૯ જેટલા જુદા જુદા પ્રશ્નો અને ફરિયાદોની રજૂઆત કરાઈ હતી. જેમાં વિજળી અને દબાણ સહિતના પ્રશ્નો સામેલ કરાયા હતાં. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પ્રાંતિજની આંગણવાડીઓમાં સુવિધાઓનો અભાવ

## ૧૮૦૯ જેટલા બાળકો કુપોષણનો શિકાર : ખુલ્લામાં કુદરતી હાજતે જવું પડી રહ્યું છે

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં સરકાર દ્વારા ચલાવાતી નાના નાના ભૂલકાંઓ માટેની આંગણવાડીઓમાં લાઈટ, ટોયલેટ, પાણી તેમજ પોષણક્ષમ ખોરાકના અભાવે અતિકુપોષિત બાળકોની સંખ્યા ૧૮૦૯ પહોંચી જવા પામી છે. સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત ચાલતી આંગણવાડીઓ પૈકી પ્રાંતિજ તાલુકામાં ૨૧૩ જેટલી આંગણવાડીમાં કુલ ૧૦૩૩૬ બાળકો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ આંગણવાડીઓ પૈકી ૧૪૩ કેન્દ્રો પર ટોયલેટની સગવડ ના હોવાથી બાળકોને ખુલ્લામાં ટોયલેટ જવું પડે છે. જયારે ૧૩૧ કેન્દ્રો પર પાણીની પણ વ્યવસ્થા નથી. આમ નાના ભૂલકાઓને સુવિધાયુકત મકાનો કે પોષણક્ષમ આહાર ન મળવાથી કુપોષણનો શિકાર બની રહ્યા છે.

# ભિલોડા તાલુકા કક્ષાનો બાળ રમતોત્સવ-૨૦૧૩ સાગડીયાપાડા પ્રાથમીક શાળામાં યોજાયો

ભિલોડા, તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા કક્ષાનો બાળ રમતોત્સવ-૨૦૧૩ નો કાર્યક્રમ જેસીંગપુર પાસે આવેલ સાગડીયાપાડા પ્રાથમીક શાળામાં યોજાયો.આ પ્રસંગે ભગવાનદાસ પી.પટેલ સાબરકાંઠા જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘ પ્રમુખના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

ઉદ્‌ઘાટક નાનજીભાઈ કે.કલાસવા સાબરકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય, વિષ્ણુંકુંવરબા લાલસિંહ ચૌહાણ સાબરકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય, હસમુખભાઈ પટેલ ગુજરાત રાજ્ય પ્રાથમીક શિક્ષણ સંઘ પુર્વ મંત્રી,ડી.ડી.વણકર ભિલોડા તાલુકા કેળવણી નિરીક્ષક, બી. એન. ઢાઢી બીટ કેળવણી નિરીક્ષક, ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘ પ્રમુખ, ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષક ધિરાણ શરાફી મંડળી લી.ચેરમેન/મંત્રી, એસ.એમ.સી.કમિટી સભ્યોની ઉપસ્થિતીમાં બાળ રમતોત્સવ-૨૦૧૩ નો કાર્યક્રમ આનંદ ઉત્સાહભેર યોજાયો હતો.ભિલોડા તાલુકા કક્ષાના બાળ રમતોત્સવ-૨૦૧૩ ના આયોજક કે.એસ.પટેલ, બી.આર.સી.કો.ઓ. રમેશભાઈ પંડ્યા, બીટ આચાર્ય ભેટાલી, સાગડીયાપાડા પ્રાથમીક શાળા આચાર્ય પ્રવિણભાઈ કે. પાંડોરના સુંદર આયોજન હેઠળ ભિલોડા તાલુકાની ચાર બીટના ૨૬૦ રમતવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહેમાનો અને રમતવીરો માટે યજમાન શાળાના આચાર્ય,શાળા પરીવાર, એસ.એમ.સી.કમિટી સભ્યો ધ્વારા બ્રહ્મભોજનની સુંદર વ્યવસ્થા કરેલ હતી.

## સમૌથી કોઈટા જતા રોડમાં ગાબડા પડીજતા વાહન ચાલકો પરેશાન

સરસ્વતી તાલુકાના કોઈટાથી સમૌને જોડતા માર્ગ પર ઠેર ઠેર ખાડા પડતા વાહન ચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. મગરની પીઠ જેવા રોડ પરથી પસાર થવું વાહન ચાલકો માટે દુષ્કર બની રહ્યુંછે. સરસ્વતી તાલુકાના કોઈટાથી સમૌને જોડતો ટૂંકો રસ્તો ઘણા સમયથી ભંગાર બની જવા પામ્યો છે. આ રોડનું કામ શરૂઆતથી જ ખરાબ થયું હોવાથી અનેક જગ્યાએથી દબાઈ જવા પામેલ છે. વળી તેના ઉપર મોટા મોટા ખાડા પડી જવાથી વાહન ચાલકોને ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ ડામરથી ખાડા પૂરવા પ્રયાસ કરાયો હતો તે પણ હવે ઉખડી ગયો હોવાથી વધુ ખાડા પડી ગયા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

## અવસાન નોંધ

ભિલોડાના સામાજીક કાર્યકર અશ્વીનભાઈ હરગોવિંદદાસ જોષીના પિતા હરગોવિંદદાસ લક્ષ્મીરામ જોષી(કર્મકાંડી શાસ્ત્રી/ગોર મહારાજ)નું દુઃખદ્ અવસાન તા.૨૩/૧૨/૨૦૧૩ ને સોમવારના રોજ થયેલ છે. સદ્‌ગતની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.